Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

# પ્રાચીન ભારતનો ઈતિહાસ જાણવાના સાહિત્યિક સાધનો

**ડૉ. ભાવના આર. પ્રજાપતિ***

ઈતિહાસની ઘટનાઓ નિરંતર બને છે. પરંપરાઓ આગળ ચાલે છે. પ્રજાનું જીવન ભૂ તકાળ સાથે જોડાયેલું રહે છે. ઈતિહાસકારે ઈતિહાસલેખન વખતે વિષયની વધુ સ્પષ્ટતા માટે કે સરળતા ખાતર ઈતિહાસને યુ ગકે કાળના ખાનામાં મૂ કીનિરૂપવો પડે છે. ભારતનો ઈતિહાસ પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન એમ ત્રણ કાળમાં નિરૂપવાની પ્રથા ખોટી નથી. ઇતિહાસ કે ઘટનાઓના સાતત્ય પરત્વે સંપૂર્ણસજાગ રહી ઈતિહાસકાર ભારતના ઇતિહાસને મુખ્યત્વે ત્રણ કાળમાં વિભાજીત કરી આલેખે છે.

દરેક યુ ગની વિશિષ્ટતા હોય છે. એ દ્રષ્ટિએ પ્રાચીન મધ્યકાલીન, અર્વાચીન વિભાગીકરણ ઉચિત છે. મધ્યકાલીન સમાજ પ્રાચીન સમાજ કરતાં અને અર્વાચીન સમાજ મધ્યકાલીન સમાજ કરતાં અલગ તરી આવે છે. એ હકીકત લક્ષ્યમાં લઈએ તોપણ ઈતિહાસલેખન માટે વિભાગીકરણ ઉચિત છે.

## <u>સાહિત્યિક સાધનો</u>

હેરોડોટસના “Histories” અને લિવીના “Annals” જેવો ઈતિહાસગ્રંથ પ્રાચીન ભારતમાં નથી મળતો. ઈતિહાસ કેવળ રાજકીય ઘટનાઓના અહેવાલ જ નથી, પરંતુ પ્રજાજીવનની પ્રગતિનું આલેખન પણ ઈતિહાસમાં થતું હોય છે. માનવીના સર્વાંગી જીવનને આવરી લેતી વિકાસ-કથા એટલે ઇતિહાસ.

---

***ડૉ. ભાવના આર. પ્રજાપતિ , આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ,**

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

ભારતીય ઈતિહાસના સાહિત્યિક સાધનોમાં વૈદિક સાહિત્ય પ્રાચીનતમ છે. ભારતનો પ્રાચીનગ્રંથ ઋગ્વેદ સાંસ્કૃતિક નિરૂપણ અર્થે અત્યંત ઉપયોગિતા ધરાવે છે. એમાં રાજકીય ઘટનાઓના નિર્દેશ ઓછા છે. આર્યોના સાંસ્કૃતિક ખાસ કરીને ધાર્મિક જીવનના દર્શન કરાવનાર ગ્રંથ તરીકે તે અગત્ય છે. ઉત્તર વેદકાલીન સાહિત્ય- યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, બ્રાહ્મણો, આરણ્યકો, ઉપનિષદો તત્કાલીન સમાજની પ્રગતિની જાણકારી માટે ઉપયોગી છે. ઈ. સ. પૂ ર્વેસાતમી કે છઠ્ઠી સદીથી ઈ. સ. બીજી સદી પર્યંત લખાયેલ સૂ ત્રગ્રંથો સમાજજીવનનું દર્શન કરાવે છે. પૂ ર્વભાગમાં બૌદ્ધ અને જૈન ધર્મોનો ઉદય, મૌર્ય સામ્રાજ્યની સ્થાપના, યવનો, શકો, કુષાણો વગેરે પરદેશીઓનું આગમન વગેરે ઘટનાઓ ઉપરોક્ત સમય દરમ્યાન બની. આ સર્વ રાજકીય ઘટનાઓ અને સાંસ્કૃતિક વહેણોની અસર નીચે આવેલા હિન્દુ સમાજનું દર્શન સૂ ત્રગ્રંથોમાં થાય છે. તે નવા પ્રવાહોથી પ્રભાવિત થયેલા હિંદુ જીવનના અભ્યાસ અંગે ગૃહ્યસૂ ત્રોઅને ધર્મસૂ ત્રોઉપયોગી છે.

વૈદિક ક્રિયાકાંડની વિગતો શ્રોતસૂ ત્રો પરથી જાણવા મળે છે. ગૃહસ્થ જીવનમાં આપત્તિઓ અને વ્યાધિઓના નિવારણ અંગેની વિધિઓ, વહેમો, લોકજીવનની રીત-રસમોની ગૃહ્યસૂ ત્રોકરાવે જાણકારી છે. આશ્વાલાયન, શાંખાયન, ગોભીલ, પારસ્કાર, આપસ્તંબીય, ખાદીર તથા અન્ય ગૃહ્યસૂ ત્રોલોકજીવનની માહિતીની ખાણ જેવાં છે. વ્યક્તિના જીવનમાં મહત્વ તબક્કે કરવામાં આવતા સંસ્કારોની ઝાંખી પણ એ ગ્રંથોમાં થાય છે.

બૌદ્ધ સાહિત્ય પણ ભારતનો ઇતિહાસ જાણવા મહત્વનું સાધન ગણાય છે. આ સાહિત્ય પાલી અને સંસ્કૃતભાષામાં લખાયેલું છે. જાતક કથાઓ તત્કાલીન સામાજિક અને આર્થિક પરિસ્થિતિ પર પ્રકાશ ફેંકે છે. તે ગ્રંથોમાં વેપાર, વેપાર કેન્દ્રો, વ્યાપારીઓ ના સંઘ વગેરે આર્થિક પાસાઓ પણ રજૂ થયા છે. બૌદ્ધ ધર્મ અને પરંપરા વિશે પ્રમાણભૂ ત માહિતી આપતા ગ્રંથો ત્રિપિટક છે. વિનયપિટકમાં બૌદ્ધસંઘના નિયમો, નિયમ ભંગ, શિક્ષા વગેરે બાબતોનું નિરૂપણ છે. સુત્તપિટકમાં

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

ભગવાન બુદ્ધના ઉપદેશ સંવાદના સ્થળ- સમય આપેલા હોવાથી તે વિગતો ઉપયોગી છે. અભિધમ્મપિટક માંથી ઐતિહાસિક સામગ્રી વિપુલપ્રમાણમાં મળે છે. દીપ વંશઅને મહાવંશ પાલી ભાષાના એ બંને ગ્રંથોમાં સિલોનની પરંપરાનો ઇતિહાસ અપાયો છે.

જૈન ધર્મ વિશે પ્રમાણભૂત માહિતી 'આગમ' સાહિત્યમાંથી મળે છે. ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પ્રકીર્ણ, ૬ છેદ સુત્રો, ૪ મૂલસુત્રો નંદીસૂત્રઅને અનુયોગ દ્વાર એમ ૪૫ આગમ ગ્રંથો મહાવીર તથા જૈન ધર્મના નિરૂપણ ઉપરાંત અન્ય જે આનુષંગિક વિગતો આપે છે. તે તત્કાલીન સામાજિક જીવન તેમજ રાજકીય ઈતિહાસ લેખન અર્થે ઉપયોગી બની છે. પ્રાચીન સંસ્કૃતિના ઘડતરમાં જૈનો એ અગત્યનું પ્રદાન કર્યું છે.

ભારતનું વિશાળ સાહિત્ય તત્કાલીન સમાજનું પ્રતિબિંબ છે. વ્યાકરણ, છંદ, કોશ, કાવ્યશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, જ્યોતિષ, આયુર્વેદ, સંગીત, શિલ્પશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર તેમજ રામાયણ અને મહાભારત ઇતિહાસને ઉપયોગી વિગતો આપે છે. જેમકે વ્યાકરણમાં પાણીનીનું 'અષ્ટાધ્યાયી' કાત્યાયન નું વાર્તિક અને પતંજલિનું 'મહાભાષ્ય' ઇતિહાસલેખન અર્થે ઉપયોગી નીવડ્યા છે. ઈતરશાસ્ત્રોના ગ્રંથોમાં કૌટિલ્યનું અર્થશાસ્ત્ર ઘણું મહત્વનું નીવડ્યું છે. ગ્રંથોની પુષ્પિકાઓ અને ગ્રંથકાર પ્રશસ્તિઓ, લેખક અને અથવા લહિયાના નામ, કુળ, સ્થળ, સમય નકલ કરાવનાર શ્રીમંતના નામ કુળ સ્થળ વગેરે જણાવતી હોય એમાંથી ઇતિહાસની ઉપયોગી ઘણી વિગતો મળી રહે છે.

ઇતિહાસની સાધન સામગ્રીમાં 'ચરીતો' અને પ્રાદેશિક ઇતિહાસગ્રંથોનો સમાવેશ થાય છે. આ પ્રકારના ગ્રંથોમાં બાણભટ્ટરચિત 'હર્ષચરીત' વાકપતિનું 'ગૌડવહો' અને બિલ્હણનું વિક્રમાંકદેવચરિત ગણનાપાત્ર છે. કવિ બાણભટ્ટ ના 'હર્ષચરિત'માં આશ્રયદાતાનું પૂર્વજીવન આલેખાયું છે. હર્ષના રાજ્યારોહણ પછી થોડા માસ સુધીનાબનાવોનું નિરૂપણ થયું છે રાજકર્તા હર્ષની

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

કારકિર્દીનો અધૂરો અહેવાલ આપતું હોવા છતાં સમ્રાટના પૂર્વજીવનવિશે તે અગત્યનું સાધન છે. ‘ગૌડવહો’માં કનોજના રાજા યશોવર્મા ના અને ‘વિક્રમાંકદેવચરિત’માં દખ્ખણના પછીના ચાલુક્ય વંશના રાજા વિક્રમાદિત્ય છઠ્ઠા ના પરાક્રમો આલેખાયેલા છે.

પ્રાદેશિક ઇતિહાસની સર્વ શ્રેષ્ઠ કૃતિ કલ્હણ રચિત ‘રાજતરંગિણી’ ગણાય છે. ઈ.સ.1149-50મા લખાયેલી આ કૃતિમાં કાશ્મીરનો ઇતિહાસ અતિ પ્રાચીનકાળથી આલેખાયો છે કલ્હણની રાજતરંગિણીની પુરવણીરૂપે જોન રાજે સુલતાનજૈનુલઅબિદિનના રાજ્યકાળ પર્યંતનો કાશ્મીરનો ઇતિહાસ આલેખ્યો છે. 1459 માં જોનરાજના મૃત્યુપછી તેના શિષ્ય શ્રીવરે 1486 સુધીનો ઈતિહાસ લખ્યો. 16મી સદી દરમિયાન 1517 થી 1596 સુધીનો કાશ્મીરનો ઇતિહાસ પ્રિય ભટ્ટે ‘રાજાવલી પટક’ માં આલેખ્યો.

ભારતના અન્ય ભાગો કરતાં દક્ષિણ ભારતની સંસ્થાઓ, સાહિત્ય અને ભાષાઓમાં આર્યોના આગમન પૂર્વેનું ભારત જળવાઈ રહ્યું છે. ભારતીય સંસ્કૃતિના ઘડતરમાં તમિલ ભાષા બોલનાર પ્રજાનો પણ ફાળો રહેલો છે. તેથી આ દેશની સંસ્કૃતિને સર્વાંગી રીતે સમજવા દક્ષિણ ભારતના રાજકીય તેમજ સાંસ્કૃતિક વહેણ જાણવા જરૂરી છે. તે માટે દક્ષિણ ભારત કે તામિલ પ્રદેશ નું સાહિત્ય ઉપયોગી સાધન છે.

દક્ષિણ ભારતના પ્રાચીનતમ તામિલગ્રંથો ‘સંગમ’ સાહિત્ય તરીકે ઓળખાય છે. રાજકીય વિગતો ઉપરાંત દક્ષિણ ભારતની ધાર્મિક અને સામાજિક સ્થિતિનો પ્રતિબિંબ એ સાહિત્યમાં પડે છે.

ભારતીય ઈતિહાસની સાધન સામગ્રીમાં અનેક પરદેશીઓના લખાણોનો સમાવેશ થાય છે. દારાયસે ગ્રીક નાવીક સ્કાઇલેક્સ ને ઇ. સ. પૂર્વેછઠ્ઠી સદીના અંત ભાગમાં સિંધુ નદીના સંશોધન અર્થે ભારત મોકલ્યો હતો. સ્કાયલેક્સનો અહેવાલ લુપ્ત થયો છે પરંતુ શરૂઆતમાં

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

સ્કાયલેક્સના અહેવાલે ગ્રીક જગતને ભારત વિષે માહિતી પૂરીપાડી હશે. “હિંદમાં પ્રજા કરતા રાજા નો દરજ્જો ખૂબ ઉંચો ગણાય છે” સ્કાયલેક્સનું વિધાન એરિસ્ટોટલે નોંધ્યું છે. ભારત વિશે વધુ માહિતી પરદેશીઓ ના લખાણોમાં સિકંદરના સમયમાં મળે છે. ઈ. સ. પૂર્વે ચોથી સદીના અંત ભાગમાં સેલ્યુકસના એલચી મેગેસ્થનીસ ચંદ્રગુપ્ત મૌર્ય ના રાજદરબારમાં લાંબો સમય એલચી તરીકે રહ્યો હતો. તેમણે હિન્દ વિશેના અવલોકન ‘ઇન્ડિકા’મા લખ્યા. તે લુપ્ત થયું પરંતુ પછીના ગ્રીક અને રોમન લેખકોએ એમાંથી લીધેલા અવતરણરૂપે એનો ઘણો ભાગ જળવાઈ રહ્યો છે. સ્ટ્રેબો પ્લીની અને ટોલેમીની કૃતિઓમાં તેમજ Periplue of the Erythtream Sea નામે આ ગ્રંથમાં ભારતની ભૌગોલિક લાક્ષણિકતાઓ વર્ણવાઈ છે. રોમન વિદ્વાન પ્લિનીની Natural History ઈ.સ. 73 થી 77 ના સમય માં લખેલ જેમાં ભૂગોળ પૂજાશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર નું આલેખન 37 ભાગોમાં કરતા આ ગ્રંથમાં ભારત તરફ જતા માર્ગ ભારતની ભૌગોલિક લાક્ષણિકતાઓ અને પ્રજા વિશે માહિતી મળે છે.

ચીની પ્રવાસીઓના અહેવાલો ભારતની પરિસ્થિતિ સમજવા ઉપયોગી છે. પાંચમી સદીના પ્રારંભમાં ફાહિયાન ભારત આવ્યો. ફાહિયાનનો ગ્રંથ ‘ફો-કુએ-કી’ મધ્ય એશિયા અને ભારતમાં બૌદ્ધ ધર્મનો અહેવાલ આપે છે. સાતમી સદીના પૂર્વાર્ધમાં ચીની પ્રવાસી હ્યુ-એન-ત્સાંગ ભારતમાં આવ્યો હતો અને 16 વર્ષ રહ્યો તેને લખેલ સી-યું-કી આ ગ્રંથમાં ભારત અને ખાસ કરીને નાલંદા વિદ્યાપીઠ ની શિક્ષણ પદ્ધતિ વિષે માહિતી આપી છે. સાતમી સદીના ઉત્તરમાં ઈતસિંગે ભારતની મુલાકાતલીધી હતી. તત્કાલીન સામાજિક ટેવો વિશેની માહિતી તેને ગ્રંથોમાંથી મળે છે.

આઠમી સદી પછી અરબી લખાણોમાં હિન્દ વિશેના ઉલ્લેખો મળે છે. આરબોના ઘણા પ્રવાસીઓ સંશોધનકારો અને વેપારીઓએ લખાણો લખ્યા અને તેમાંથી પણ ભારત વિશે માહિતી પ્રાપ્ત થાય છે.